<u>શૈક્ષણિક લાયકાતઃ-</u> (ક) ઉમેદવાર ભારતમાં સંસદ અથવા રાજય વિધાન મંડળના અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇ યુનિવર્સિટીઓમાંથી અથવા સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ -૧૯૫૬ ( સને ૧૯૫૬ના ત્રીજા) ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે ગણાતી હોવાનું જાહેર થયેલી સંસ્થાની સ્થાપત્ય અથવા સિવિલ ઇજનેરની પદવી ધરાવતા હોવા જોઇએ અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઇએ; અને

(ખ) ભારતમાં સંસદ અથવા રાજય વિધાન મંડળના અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇ યુનિવર્સિટીમાંથી અથવા સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ-૧૯૫૬ (સને ૧૯૫૬ના ત્રીજા) ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે ગણાતી હોવાનું જાહેર થયેલી સંસ્થાની શહેર આયોજન અથવા નગર આયોજન અથવા ટ્રાફિક અને વાહન વ્યવહાર આયોજન અથવા પ્રાદેશિક આયોજન અથવા શહેરની ડિઝાઇનની અથવા અર્બન આયોજન અથવા ઇંન્ફ્રાસ્ટ્ક્ચર આયોજન અથવા ઇંન્ડસ્ટ્રિયલ આયોજનની અનુસ્નાતક અથવા ડિપ્લોમાની પદવી ધરાવતા હોવા જોઇએ અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત અથવા ઇન્સ્ટીટયુશન ઓફ ટાઉન પ્લાનર ઇન્ડિયાની પરીક્ષા દ્વારા મેળવેલ સભ્યપદ ધરાવતા હોવા જોઇએ;

(ગ) તે અર્થે વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ.

(ઘ) ગુજરાતી અને / અથવા હિન્દી અથવા બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

પરંતુ, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારોની તરફેણમા ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે;

કોમ્પ્યુટરને લગતા સોફટવેરની જાણકારી ધરાવતા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

**<u>પગાર</u>:-** રૂ. ૯૩૦૦ – ૩૪૮૦૦ ( ગ્રેડ પે- રૂ. ૫૪૦૦ )

**<u>ઉંમર</u>**:- ૩૭ વર્ષથી વધુ નહીં

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) આ જગ્યા માટે ઉપલી વયમર્યાદા ૩૭ વર્ષની ઉંમર ઠરાવવામાં આવેલ છે, તેમાં નીચે દર્શાવ્યા મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

